Series OSS

Code No. **10**

Candidates must write the Code on the title page of the answer-book.

Roll No. | | | | | | | |

- Please check that this question paper contains **6** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **6** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minutes time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the student will read the question paper only and will not write any answer on the answer script during this period.

# GUJARATI
# ગુજરાતી

*Time allowed : 3 hours* — *Maximum Marks : 100*

*સમય સીમા : 3 કલાક* — *કુલ અંક : 100*

## વિભાગ-૧

**1.** નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. *10*

દુનિયામાં આટલા બધા ધર્મો ચાલે છે, પણ એ બધાયનું એક વિશાળ ધર્મકુટુંબ બનાવવાની શક્તિ ભારતની

સંસ્કૃતિમાં જ છે. ભારતીય સંસ્કૃતિએ કયારનું કહી દીધું છે કે માનવકુલમાં પ્રચલિત સઘળા ધર્મો સાચા છે. પરંતુ એ બધા ધર્મો મનુષ્યો દ્વારા પ્રચાર પામવાથી તેમનામાં મનુષ્યોની અપૂર્ણતા પણ આવી ગયેલી છે. ગંગા ગંગોત્રીથી નીકળે છે છતાં ત્યાં જ થંભી જતી નથી. જયાં સુધી વિશાળ સાગરમાં વિલીન થાય નહીં ત્યાં સુધી તેને આગળ ધપવું જ રહ્યું. એમાં યમુના આવી મળશે, ચર્મણ્વતી અને શૉણ આવી મળશે, સરયૂ અને ગંડકી પણ આવી ભળશે. ભારતીય સંસ્કૃતિની પણ આ જ વાત છે. વૈદિક સંસ્કૃતિથી એનો ઉગમ હતો પણ એમાં સમય સમય પર દુનિયાભરની સંસ્કૃતિઓએ પોતાને ભેળવી દીધેલ છે. ભારતીય સંસ્કૃતિમાં ઈસાઈ, ઈસ્લામી અને આધુનિક વિશ્વમાં પ્રચલિત તમામ સંસ્કૃતિઓની સુગંધ ભળી ગયેલ છે.

***પ્રશ્નો :***

(1) ભારતીય સંસ્કૃતિની કઈ કઈ વિશેષતાઓ છે ?

(2) સઘળા ધર્મો વિશે ભારતીય સંસ્કૃતિનો કેવો અભિમત છે ?

(3) ગંગા નદીના પ્રવાસની રૂપરેખા બે વાક્યોમાં આલેખો.

(4) ગંગા નદી અને ભારતીય સંસ્કૃતિમાં શું સામ્ય છે ?

(5) ભારતીય સંસ્કૃતિના પ્રવાહમાં મુખ્ય કઈ કઈ સંસ્કૃતિના પ્રવાહો ભળેલા છે ?

**2.** (અ) કોઈ પણ ***એક*** વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. *10*

(1) 'જે પોષતું તે મારતું એ ક્રમ દીએ છે કુદરતી'

(2) મારી પ્રિય ટી.વી. સિરિયલ

(3) વિશ્વ-સમસ્ત આર્થિક ભીંસમાં

(4) પરીક્ષાની આવશ્યકતા

(બ) નીચે આપેલ રૂપરેખા પરથી આશરે 150 શબ્દોમાં વાર્તા-રચના કરી તેને યોગ્ય શીર્ષક આપો. 8

એક ચોર – ભિક્ષા માગવા એક સાધુનું તેને ઘેર જવું – સાધુના ઉપદેશથી હંમેશાં સાચું બોલવાનું વ્રત લેવું – રાજમહેલમાં ચોરી કરવા જવું – ચોગાનમાં પ્રધાનનો મેળાય – ચોરાયેલી માલમત્તામાં પોતાનો અરધો ભાગ રાખવાની પ્રધાનની શરત – ચોરી કરતાં ચોરનું પકડાઇ જવું – સો કોરડાની સજા – પચાસ કોરડા પ્રધાનને મારવાની ચોરની વિનંતી – પરિણામ – શીર્ષક.

(ક) 'સારેગમપ'ની કંઠ્ય-સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરતો પત્ર તમારા નાના ભાઈને લખો. 8

**અથવા**

ચંદ્રયાને ચંદ્ર પર પાણીની બહુમૂલ્ય શોધ કરી તે માટે અભિનંદન આપતો પત્ર ઈસરોના બડા વૈજ્ઞાનિકને લખો.

3. (અ) કોઈ પણ ***બે*** કાવ્યપંક્તિના અલંકાર ઓળખાવો. 3

(1) સુમહોજ્જવલ આ કિરણો રવિનાં
પ્રસરે હજુ તો નભઘુમ્મટમાં.

(2) હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ :
એ સ્વાતંત્ર્ય દિનની બંદગી.

(3) લુખ્ખી જે લયહીન હવા તે
ગુર્જન કરતી હૂડે.

(બ) કોઈ પણ ***બે*** છંદ ઓળખાવો. 3

(1) ચાંદો તારા તમરાં ચૂપ
માળે ડૂબી ઘુવડ-ઘૂક.

(2) ખખડે સૂકાં
પર્ણો નીચે; ઉપર
કૂંપળ ફૂટે.

(3) ઢળતી થઇ તો ઢળતી જ થશે,
રજની મહીં ચન્દ્ર ઊગે ન ઊગે.

(ક) નીચેનામાંથી કોઈ પણ **ચાર** વાક્યોના માગ્યા મુજબ કાળ બદલો. *4*

(1) નોકરે પ્યાલો ચોર્યાનો વહેમ તેને આવ્યો.
(પૂર્ણ ભવિષ્યકાળ)

(2) સભાખંડમાં આંગળીને વેઢે ગણાય તેટલા લોકો હતા.
(સાદો વર્તમાનકાળ)

(3) માણસને એક દિવસ જનાવરો પર નભવાનો વારો આવશે. (પૂર્ણ ભૂતકાળ)

(4) એને બિચારાંને કેવું લાગી આવ્યું હશે ?
(ચાલુ ભૂતકાળ)

(5) ચુનિયા ગાંધીની શિફારસે આપણે પાછા એક્કામાં બેઠા. (સાદો ભવિષ્યકાળ)

(ડ) કોઈ પણ **ચાર** વાક્યોની રેખાંકિત શબ્દોની વિભક્તિઓ ઓળખાવો. *4*

(1) <u>શોકસભાનો</u> <u>અહેવાલ</u> મને મોકલવામાં આવ્યો.

(2) <u>મારે માટે</u> કપડાં ખરીદવા તે <u>બજારમાં</u> ગયો છે.

(3) <u>તમારી</u> <u>પરીક્ષાની</u> તારીખ આવી ગઈ ?

(4) <u>દશરથના</u> મોટા <u>પુત્રનું</u> નામ રામ હતું.

(5) <u>કુવામાંથી</u> <u>દોરડા વડે</u> પાણી ખીંચો.

(6) <u>અરે</u> ! <u>તમારા પર</u> આટલી બધી આફત ?

## વિભાગ-૨

**4.** (અ) સંદર્ભ આપી કોઈ પણ ***ચાર*** વાક્યો સમજાવો. *8*

(1) "આપણે મિલકત ભેગી કરવાની નથી, પણ આપણી જે મિલકત હોય તે લૂંટાવવાની છે."

(2) "શાહુકારની એક આંખ ને ચોરની ચાર."

(3) "એક જાણે હીરો અને બીજો મોતી."

(4) "અંગ્રેજી ન જાણનાર સ્ત્રી બાળકોને ટ્રેનિંગ શું આપવાની ?"

(5) "જે દિવસે હું તારા નામે ઓળખાઉં એવી નામના કાઢે ત્યારે ઘેર પાછો ફરજે, તે પહેલાં નહીં."

(6) "વહુ, આ પ્યાલો ક્યાંક મૂકી દ્યો."

(બ) કોઈ પણ ***બે*** પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. *12*

(1) 'માજીનો પ્યાલો' વાર્તાને આધારે માજીનો પાત્ર-પરિચય કરાવો.

(2) 'કાંચન અને ગેરુ' વાર્તાનું રહસ્ય સમજાવો.

(3) "ભાણાભાઈને બદામ-સાકર ખવરાવો." એવું ચુનિયા ગાંધીએ શા માટે કહ્યું તે સમજાવો.

(4) 'ઇન્દ્રેશ્વરથી આશ્રમ'ના પ્રવાસે જનાર લેખકનો શ્રેષ્ઠ અનુભવ કયો કહેવાય તે કારણો આપી સમજાવો.

**5.** (અ) કોઈ પણ ***બે*** કાવ્યપંક્તિઓનો ભાવાર્થ લખો. *7*

(1) "નિસાસાની ચાદર હું વણતો નથી,
કે વેરાનીના મંત્ર ભણતો નથી."

(2) "કામધેનુને મળે ના એક સૂકું તણખલું,
ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે !"

(3) "દેશ જો બરબાદ થાતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?"

(બ) કોઈ પણ ***બે*** પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. *8*

(1) 'જનની' કાવ્યમાંથી નિતરતી માતૃછબીનું વર્ણન કરો.

(2) 'તડકો' કાવ્યમાં વર્ણવાયેલાં તડકાનાં જુદાં જુદાં રૂપોનું ચિત્રણ તમારા શબ્દોમાં કરો.

(3) 'ફૂલ વીણ, સખે !' – કાવ્યનો સંદેશ તમારા શબ્દોમાં લખો.

(4) 'મને એ જ સમજાતું નથી' કાવ્યનો ભાવાર્થ જણાવો.

(ક) કોઈ પણ ***એક*** કાવ્યનું રસદર્શન કરાવો. *5*

(1) 'કોણ' ?

(2) 'ઠામ'

(3) 'હાઈકુ' (૧.૨)

**6.** કોઈ પણ ***એક*** સર્જકનો વિગતે પરિચય આપો. *10*

(1) ગોવર્ધનરામ ત્રિપાઠી

(2) ધૂમકેતુ

(3) કલાપી